II શ્રી મદન મોહન પ્રભુ વિજયતે II

શ્રી આચાર્યજી મહાપ્રભુજી-શ્રી ગુસાંઈજી પરમદયાલ ના સપ્તમ પુત્ર
શ્રી ઘનશ્યામ લાલજી ના સપ્તમ ગૃહ

શ્રી મદન મોહન પ્રભુજી ની
સેવા તથા શૃંગાર પ્રણાલીકા



અનન્તશ્રીવિભૂષિત અખંડ ભૂમંડલાચાર્યવર્ય
ચક્રચૂડામણિ વિભુર્વદન વૈષ્વાનરાવતાર જગદ્ગુરૂ
।। શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી ।।

:: પ્રકાશક ::

સપ્તમ પીઠ શ્રી મદનમોહનજી પુષ્ટીમાર્ગીય હવેલી ટ્રસ્ટ
કામા. - રાજકોટ

* * *

:: સહાયક ::

વ્રજધામ ગ્રુપ
મદનમોહન પ્રભુજીની હવેલી, લક્ષ્મીવાડી, રાજકોટ.

* * *

આવૃતિ : જુલાઇ – ૨૦૧૬

પ્રત : ૨૦૦૦ નકલ

નિશુલ્ક વિતરણ

* * *

મુદ્રક
તુલસાઇ પ્રિન્ટ
૪, ભકિતનગર સ્ટે. પ્લોટ, રાજકોટ.

* * *

ટાઇપોગ્રાફી એન્ડ ડીઝાઇનીંગ
જય ગ્રાફીકસ
૧/૨, લક્ષ્મીવાડી, 'શ્રી ગોકુલ' રાજકોટ. મો. ૯૮૨૪૪ ૫૩૮૪૬

* * *

પ્રાપ્તિ સ્થાન
શ્રી મદનમોહન પ્રભુજીની હવેલી
લક્ષ્મીવાડી, રાજકોટ



અનન્તશ્રીવિભૂષિત શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ
॥ શ્રી વિઠ્ઠલનાથજી (ગુસાંઈજી) ॥



પૂ.પા.ગો.૧૦૮શ્રી આદિ સપ્તમેસ
શ્રી ઘનશ્યામજી



નિ. લી. ગો.૧૦૮શ્રી
શ્રી ગોપાલલાલજી મહારાજ



નિ. લી. ગો.૧૦૮શ્રી
શ્રી રમણલાલજી મહારાજ

વિજયતે શ્રી મદનમોહન પ્રભુ

ભાગ્યવાન વૈષ્ણવો

સપ્તમ ગૃહમાં બિરાજતા શ્રી મદનમોહન પ્રભુની સેવા પ્રણાલિકાને પ્રકાશીત કરીને વૈષ્ણવો માટે એ પ્રણાલિકાથી પોતાના સેવ્ય સ્વરૂપને સેવા કરી શકીએ. સેવાની જાણકારી માટે ઘણા દિવસથી સેવા પ્રણાલિકાને વૈષ્ણવોનો પુસ્તક રૂપે પ્રકાશીત કરવાનો ઘણા વૈષ્ણવોનો અનુરોધ હતો.

ઘણાં વર્ષોથી એનો વિચાર કરવામાં આવતો હતો. પણ એ મંદિરની સેવા પ્રણાલિકા વૈષ્ણવો માટે પૂર્ણ રૂપે અનુકૂળ ન થઈ શકે. એના માટે પ્રણાલિકામાં સંશોધન કરીને વૈષ્ણવો જેવી રીતે ગૃહમાં બિરાજતા સેવા સ્વરૂપની સેવા કરી શકે. એની અનુકૂળતા માટે એ પ્રણાલિકામાં વૈષ્ણવો માટે સંશોધન કરી પ્રકાશીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વૈષ્ણવો ગૃહની સેવામાં કેવી રીતે સેવા કરી શકે એના માટે સુક્ષ્મમાં સુક્ષ્મ રીતે સેવાનો પ્રકાર દર્શાવવામાં આવ્યો છે. એમાં બાર મહિના ઉત્સવોને સેવા નિત્યને ઠાકોરજીને જગાડવાથી પોઢાવવા સુધીના પ્રકારની જે વૈષ્ણવો સેવા કરતા હોય એમને એક સમયમાં સેવા કરવાનો પ્રકાર અને જે બે સમયમાં સેવા કરતા હોય તેનો પ્રકાર બતાવવામાં આવ્યો છે.

એના સાથે શ્રૃંગાર વસ્ત્રો આપણા વલ્લભ સંપ્રદાયમાં કેવી રીતે ધરાય છે અને કેવી રીતે શ્રૃંગાર બનાવવા એના પણ ચિત્રો દર્શાવવામાં આવ્યા છે. અને તે પ્રમાણે વૈષ્ણવો સેવા શ્રૃંગારમાં વસ્ત્રો અને શ્રૃંગાર કેવી રીતે બનાવવા એનો પણ આ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ શ્રૃંગાર વસ્ત્રો થાડા સ્વરૂપને કેવી રીતે ધરાવવું.

ગૌ.વા. શાંતાબેન કેશવલાલ કડેચા ના જય શ્રી કૃષ્ણ

લાલનને કેવી રીતે ધરાવવું અને ચિત્ર સ્વરૂપની સેવા બિરાજતા હોય તો તેને કેવી રીતે ધરાવવા એની જાણકારી આ પુસ્તકમાં બતાવવામાં આવી છે અને વધારે જાણકારી માટે જે સંપ્રદાયનાં નિયમ અનુસાર સેવા કરતા હોય એવા વૈષ્ણવો અથવા ગોસ્વામી બાલકો દ્વારા જાણકારી મેળવી લેવી. એવી જ રીતે સેવા શ્રૃંગાર કરીએ પ્રભુને ઋતુ અનુસાર સેવા કરીએ તો પ્રભુ પ્રસન્નતા પૂર્વક આપના ગૃહમાં બીરાજીને આપણી કરેલી સેવાનો અંગીકાર કરે છે.

સેવા માર્ગમાં અને પૂજા માર્ગમાં જે ભેદ છે તેને જાણીને વૈષ્ણવોએ સેવા માર્ગની રીતથી સેવા કરવી જોઇએ.

પૂજા માર્ગમાં ઋતુનો વિચાર કરવામાં આવતો નથી અને બધી ઋતુમાં એક જ પ્રકારે પૂજા કરવામાં આવે છે, પણ શાસ્ત્રમાં ‘યથા દહે તથા દેહે’ એ સિધ્ધાંત અનુસાર જેવી રીતે આપણે દેહને ઠંડી-ગરમીનો અનુભવ થાય છે અને એવી જ રીતે આપણે વસ્ત્રો ધારણ કરીએ છીએ એવી જ રીતે ઋતુ અનુસાર વસ્ત્રો ધરાવવા, શ્રૃંગાર કરવો અને પ્રભુને ઋતુ અનુસાર સામગ્રી ભોગ ધરવી એ સાથે શાસ્ત્રો પણ સહમત છે.

આ સેવા પ્રણાલિકાનું પુસ્તક જગદગુરુ, શ્રીમદ્ વલ્લભાચાર્યજી તેમજ ગુંસાઈજી પ્રભુ ચરણે આપેલા નિર્દેશ પ્રમાણે રાગ-ભોગ અને શ્રૃંગારનો સમન્વય સપ્તમ ગૃહ શ્રી ઘનશ્યામજીની સેવા પ્રણાલિકા છે.

આ પુસ્તક પ્રકાશીત કરવામાં વ્રજધામ ગ્રુપનો સહયોગ રહ્યો છે અને આ વ્રજધામ ગ્રુપના આગ્રહથી પ્રણાલિકા પુસ્તક પ્રકાશિત કરવાનો વિચાર કરવામાં આવ્યો છે.

આ પ્રણાલિકા અનુસાર વૈષ્ણવો પ્રભુની સેવા કરશે અને પ્રભુને લાડ લડાવશે તો આ પ્રણાલિકામાં સહયોગ આપનારાનો સમય અને શ્રમ સાર્થક થશે એવી અમે આશા રાખીએ છીએ.

સપ્તમ પીઠાધીશ્વર
પુ.પા.ગો.૧૦૮
શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી

સપ્તમ પીઠાધીશ્વર પૂ.પા. ગો. ૧૦૮શ્રી
શ્રી ઘનશ્યામલાલજી મહારાજ

પૂ.પા. ગો. ૧૦૮શ્રી
શ્રી વ્રજેશકુમાર મહોદયશ્રી

પૂ.પા. ગો. ૧૦૮શ્રી
શ્રી અનિરૂધ્ધરાયજી મહોદયશ્રી

ચિ. રશેષકુમાર મહોદયશ્રી



મનોરથી

દિનેશભાઇ રામભાઇ પટેલ

નિરૂબેન દિનેશભાઇ પટેલ ના

જય શ્રી કૃષ્ણ

ગામ - ભાદરણ, હાલ : યુ.કે. (લંડન)

ઘેરશીભાઇ ભગવાનજીભાઇ છાંટબાર
પરિવારના
પૂ.પા. દાદાજીના પરિવારને દંડવત પ્રણામ
અને
સર્વે વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ

પુષ્પાબેન દુર્લભભાઇ પઢીયાર
મનિષભાઇ & રૂપલબેન
મહેન્દ્રભાઇ & ભારતીબેન
અરૂણભાઇ & હર્ષાબેન ના
સર્વે વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ

પરીમલભાઇ & નમ્રતાબેન પટેલ

ફલોરીડા ટેમ્પા, જી.એસ.એમ. બોરીયાવી
સીટી - બોરીયાવી
યુ.એસ.એ. (લંડન) - પરિવારના
સર્વે વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ

આશાબેન પટેલ

યુ.કે. (લંડન) ના

સર્વે વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ

શ્રાવણ વદિ–૭ (સાતમ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણપક્ષ-૮)

• છઠ્ઠીનો ઉત્સવ •

વસ્ત્ર : પિછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને વાઘા, ઓઢની)

શ્રીંગાર : લાલ પાગ, મોરની ચંદ્રીકા, પીરોજાના (દુધીયા) આભરણ.

સામગ્રી : શીરાનો ડબરો આવે

નોંધ : વસ્ત્ર, સફેદી, મુખવસ્ત્ર વગેરે નવા કરવા. જે સ્વરૂપ બિરાજતું હોય તે પ્રમાણે બનાવવા. મંગલા સુધી રોજ પ્રમાણે સેવા પહોંચવી. સ્વરૂપ સેવા બિરાજતી હોય ત્યારે મંગલભોગ ધરીને પંચામૃતની તૈયારી કરવી. ચિત્રજીની સેવા બિરાજતી હોય તો પંચામૃત, અભ્યંગ ન થાય.

શ્રાવણ વદ–૮ (આઠમ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણપક્ષ-૮)

• જન્માષ્ટમી •

વસ્ત્ર, સફેદી, મુખવસ્ત્ર વગેરે નવા કરવા. જે સ્વરૂપ બિરાજતું હોય તે પ્રમાણે બનાવવા. મંગલા સુધી રોજ પ્રમાણે સેવા પહોંચવી સ્વરૂપસેવા બિરાજતી હોય ત્યારે મંગલભોગ ધરીને પંચામૃતની તૈયારી કરવી. ચિત્રજીની સેવા બિરાજતી હોય તો પંચામૃત, અભયંગ ન થાય.

પંચામૃતની તૈયારી : એક થાળીમાં પંચામૃતનો સાજ તૈયાર કરવો. દૂધ, દહીં, ઘી, બુરો (દરેલી ખાંડ), મધ (શહેદ) વાટકીઓમાં પધરાવવો. એક વાટકીમાં તુલસીજી, પીળા અક્ષત (ચોખા), તીલક માટે ભીનું કંકુ, બે બીડા, જલની લોટી, એક વાટકીમાં થોડુ ચંદન, પંચામૃત કરાવવા માટે શંખ. આ બધી તૈયારી કરવી. એક થાળીમાં સ્નાનની ચોકી લગાડવી. એના પર ચંદનનો

સાથિયો કરવો. એના ઉપર લાલ રંગ અથવા પીળા રંગનું રેશમી વસ્ત્ર રાખવું. ઠાળુ ઠાળુ સ્વરૂપ બિરાજતું હોય તેમને પંચામૃત સમયે ધોતી ઉપરણા રેશમીના ધરાવવા. લાલન બિરાજતા હોય તો પિતાંબરની રેશમી ઓઢણી ઓઢાડવી. પંચામૃતના સમયે ઘંટી વગાડવી. સ્વામિનીજી બિરાજતા હોય એમને પંચામૃત ન થાય, કેવલ અભયંગ થાય. ઠાકુરજીને શ્રૃંગાર ચોકી ઉપર પધરાવીને તિલક કરવું. પીળા અક્ષત લગાવવા. બીડા બે કંકુ લગાડીને ચોકી ઉપર પધરાવવા. પંચામૃતમાં તુલસીપતા પધરાવા. અધકીની તુલસીમાં ચંદન લગાડીને ચરણારવિંદમાં સમર્પવી. પછી શંખમાં દૂધથી પાંચ વખત સ્નાન કરાવવુ, પછી પાંચ વખત દહીંથી, પછી પાંચ વખત ઘીથી, પાંચ વખત બૂરાથી પછી પાંચ વખત મધથી પછી બીજી પાંચ વખત દૂધથી પછી પાંચ વખત જલથી સ્નાન કરાવવા. પંચામૃતના હાથ ખાસા કરી પંચામૃતના વસ્ત્ર વડા કરીને ગરમ જલથી સ્નાન કરાવવા. પછી શ્રી અંગમાં ચમેલીનું ફૂલેલ સમર્પવું. પીસેલા આંબલા શ્રી અંગમાં બરાબર લગાડીને સ્નાન કરાવવા. પછી ચંદન લઈને શ્રી અંગમાં સમર્પવું. તે પછી જલથી સ્નાન કરાવવું. ઠાકુરજીને અંગવસ્ત્ર કરાવવું. શ્રી અંગ બરાબર પોંછવું. શ્રૃંગાર ચોકી ઉપર પધરાવી અત્ર સમર્પવું. પંચામૃતનો તથા અભયંગનો સાજ બધો ઉઠાવીને ખાસા કરવો. મંદિર વસ્ત્ર કરવું.

વસ્ત્ર : વાધા વસ્ત્ર કેશરી ડોરિયાના.
શ્રૃંગાર : શ્રી મસ્તક પર ફૂલ્હે જોડનો (૯) ચંદ્રીકાનો ધરવો શ્રૃંગાર ત્રણ જોડીના હીરા, માણેક, પન્નાના ધરવા. ગુંજા માલા નવી ધરવી. ગાદીના શ્રૃંગાર કરવા.

તિલકની તૈયારી : એક થાળીમાં કંકુની વાટકી, પીળા અક્ષતની વાટકી, ચંદનની વાટકી, રેશમી પિતાંબર લાલ અથવા પીળા રંગનો, બે બીડા થાળીમાં પધરાવવા. ભેટના રૂપિયા બે, શ્રીફળ બે આરતી

ચુનની તૈયારી કરવી, મુઠીયા ચાર કરવા. એક થાળીમાં કંકુનું અષ્ટદલ કરીને આરતીના દીવડામાં ઘી થોડું પધરાવવું. બધી તૈયારીઓ કરીને ઠાકુરજીને માલાજી ધરાવવા. આરસી દેખાડી ચરણસ્પર્શ કરવા. હાથ ખાસા કરીને ઝારીજી ભરીને પધરાવવા. તિલક કરતી વખતે દંડવત કરીને તિલક કરવું. પીળા અક્ષત લગાવવા. પિતાંબર ઓઢાડવું. પિતાંબરને ચંદનથી થોડુંક ખેલ કરાવવું. ઠાકુરજીના સન્મુખ શ્રીફળના ઉપર કંકુનાં સાથિયા કરીને ભેટ કરવી. એના ઉપર રૂપિયા પધરાવવા દંડવત કરવા, આરતી કરવી, આરતી કર્યા પહેલા ચારેય મુઠીયા વારીને પછી આરતી કરવી ઘંટડી બંધ કરવી. તિલક સમયે આરતી કરીને ન્યોચ્છાવર, રાયલૂન કરવું.

મંદિર વસ્ત્ર કરીને ચરણાંરવિંદમાં તુલસી સમર્પવા. રાજભોગની તૈયારી કરવી. રાજભોગ સરાવીને નિત્યવત અનોસર કરવા. ઠાકુરજી બિરાજતા હોય તેના દ્વાર ઉપર બંધનવાર બાંધવો, કંકુના થાપા લગાડવા.

રાજભોગની સામગ્રી : મગદના લાડવા, છાશવડા, રાયતુ, મીઠુ શાક, બિલસારૂ, ઋતુ અનુસાર લીલો માવો, બધી જાતનો, મુરબ્બો, તિલવડી, ઢેબરી, ઉત્સવમાં મગની છડીયલ દાળ, સખડીમાં ભોગ આવે.

શ્રાવણ વદ–૯ (નોમ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પક્ષ ૯)

ઠાકોરજીને જગાડીને મંગલ ભોગ ધરવા.

વસ્ત્ર : જન્માષ્ટમી મુજબ.

શ્રૃંગાર કરીને ઠાકુરજીને પલનામાં પધરાવવા. ફૂલની માલા ધરાવવી. ઝારી-બંટા ધરવા.

શ્રૃંગાર : જન્માષ્ટમી મુજબ.

પલનાની તૈયારી : ઠાકુરજીના સન્મુખ પલનામાં ખિલૌના, ઘુઘરા વગાડવા માટે પધરાવવા. ઠાકુરજીને પલના ઝુલાવવા, પલનામાં આરતી કરવી, ન્યોચ્છાવર, રાયલૂન કરવું.

પલનાની સામગ્રી : પલનામાં ભોગ એક થાળીમાં પેંડા, સુકોમેવાની કટોરી, મિશ્રીની કટોરી ઢાંકીને પલના પાસે પધરાવવી. ઠાકુરજીને પલનામાંથી પધરાવીને નિત્ય પ્રમાણે રાજભોગ ધરાવો.

રાજભોગની સામગ્રી :

અનસખડીમાં ગૂંજા, મઠડી, પાટીયા, સકકરપારા, બુંદી, સફેદ ફેણી તથા કેસરી ફેણી, પંજીરી, બાવર, ઇંદ્રસા, ખુલ્લી બુંદી, ફિકામાં જીણી સેવ, ચણાની દાળ તળેલી તથા આખા ચણા તળેલા, ભુજેના, ખાજા, કેસરી બાસુંદી, શ્રીખંડ વડી, પાટીયાની ખીર થુલીની ખીર, છાશવડા, બે રાયતા એક બુંદીનો અને એક શાક, જપકા પુરી, તળેલા મખાના, બે જાતના શાક અને ખાટા દહીંમાં જીરૂં પધરાવવું, મીઠા દહીંમાં બુરો પધરાવવો, માખણ, મીસરી પીસેલી ખાંડ (બુરો), મીઠું, ત્રણ જાતના સંધાણા ટેટીનું, કેરીનો મુરબ્બો, ફળ-ફૂલની છાબ ઋતુ અનુસાર, પેંડા સોંઠનો ભુકકો, મીઠુ શાક, બિલસારૂ.

સખડીમાં સફેદ ભાતનો થાળ, ઘીની કટોરી, જલની કટોરી, પાટીયા, મેવા ભાત, શ્રીખંડ ભાત, દહીંભાત, પીળાભાત, મગની દાળ, કઢી, મગની છડીયલ દાળ, ચાર જાતના કઠોળ ચોરા, વટાણા, વાલ, ચણા, શાક ચાર જાતના મિલોનીનું શાક બે જાતના, દુધી ચણાની દાળનું, ભાજી મગની દાળનું શાક, ભુજેના ચાર જાતના સુકોરી, કચરી, ફરી, ટેટી, ખરબૂજાની છાલના ભુજેના, મીર્ચફલ, પાપડ. સામગ્રી અધકીમાં આપણાથી જે બને તે ભોગ ધરવી.

ગૌ.વા. મુક્તાબેન જયંતિલાલ ખંધડીયા ના જય શ્રી કૃષ્ણ

ગૌ.વા. દીવાળીબેન મોતીલાલ કારેલીયા ના જય શ્રી કૃષ્ણ

શ્રાવણ વદ–૧૦ (દશમ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : જન્માષ્ટમી મુજબ (લાલનને વાઘા, ઓઢની)
શ્રૃંગાર : જન્માષ્ટમી મુજબ
શ્રૃંગાર પછી માલાજી ધરાવી પલનામાં પધારવવા. પલના ભાદરવા વદ-૧૩ સુધી ઝુલાવવાના.

સામગ્રી : મગદ, પેંડા, બેસન (ચણાનો લોટ) ના ખિલૌના, સુકામેવાની વાટકી, મીસરીની વાટકી, લીલો મેવો, પલનામાં ધરવા.

શ્રાવણ વદ–૧૧ (અગિયારસ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : લાલ રંગના ઝગુલી/ઝબલા (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટોપી ધરવી.
સામગ્રી : બુંદીના લાડુ, એકાદશીનો ફલાહાર આવે.

શ્રાવણ વદ–૧૨ (બારસ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર અમરસી રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કુલ્હે, ઘેરો ધરાવવો.
સામગ્રી : મોહનથાળ/ઢારો આરોગે.

શ્રાવણ વદ–૧૩ (તેરસ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર જન્માષ્ટમી મુજબ (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે ધરે. જોડ પાંચ ચંદ્રીકાનો.
સામગ્રી : સામગ્રી મનોહરની આરોગે. આજે પલના વિજય થાય. પલના ઝુલવવી ન્યોચ્છાવર, રાયલૂન કરવા.

શ્રાવણ વદ-૧૪ (ચૌદશ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : પીળા ઝગુલી/ઝબલા (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટોપી ધરાવવી.

શ્રાવણ વદ-૩૦ (અમાસ) (વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ૩૦)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ-ચંદ્રીકા ધરાવવી.

ભાદરવા સુદ-૧ (એકમ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧)

વસ્ત્ર : ઝગુલી/ઝબલા કેસરી રંગના ધરે (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટોપી ધરે

ભાદરવા સુદ-૨ (બીજ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૨)

• દશુકનનો ઉત્સવ •

વસ્ત્ર : ચાકદર વાધા વસ્ત્ર પીળા રંગના (લાલનને વાધા, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે, જોડ પાંચ ચંદ્રીકાની ધરે
સામગ્રી : બુંદીની આરોગે

ભાદરવા સુદ-૩ (ત્રીજ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૩)

વસ્ત્ર : પિછોડા વસ્ત્ર ગુલાબી રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે

ભાદરવા સુદ-૪ (ચોથ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૪)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે

ભાદરવા સુદ-૬ (છઠ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૬)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર કેશરી જન્માષ્ટમી મુજબ (લાલનને વાધા ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે (નિત્યક્રમ)

ભાદરવા સુદ-૭ (સાતમ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૭)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના ધરે (લાલનને ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ ચંદ્રીકા ધરે. આભરણ પીરોજા (દુધીયા) ના ધરે

ભાદરવા સુદ-૮ (આઠમ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૮)

• રાધાષ્ટમી •

બંધનવાર બાંધવા, થાપા લગાડવા, સ્વામિનીજી બિરાજતા હોય તો દૂધથી સ્નાન કરાવવા અભ્યંગ બધા સ્વરૂપોને કરાવવા.

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર કેસરી ડોરીયાના જન્માષ્ટમી મુજબ ધરે. (લાલનને વાધા ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાની ધરે.

સામગ્રી : ગુજા, મઠરી, પાટીયા, ખુલ્લી બુંદી, જીણી સેવ, મીઠું દહીં, ખાટું દહીં, કેસરી બાસુંદી, છાશવડા, રાયતા, મુરબ્બો, લીલો મેવો, મેવા ભાત, શ્રીખંડ ભાત, દહીં ભાત, પીળો ભાત, ભુજેના, પાપડ, કઠોળ સામગ્રી અધકિમાં આપણાથી જે બને તે ભોગ ધરવી.

નોંધ : રાજભોગમાં તિલક કરવું, આરતી ચુનની કરવી, તિલક કરીને ભેટ કરવી, મુઠીયા વાળીને આરતી કરવી. ન્યોચ્છાવર રાયલોન કરવું.

ભાદરવા સુદ-૯ (નોમ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૯)

વસ્ત્ર : ચાકદાર વાઘ વસ્ત્ર કેસરી ડોરીયાના જન્માષ્ટમી મુજબ ધરે. (લાલનને વાઘા ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાની ધરે.

ભાદરવા સુદ-૧૦ (દશમી) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૦)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના ધરે (લાલનને ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ ચંદ્રીકા ધરે, આભરણ પીરોજા (દુધીયા) ના ધરે

ભાદરવા સુદ-૧૧ (અગીયારસ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૧)

• દાન એકાદશી •

અભયંગ કરાવવા

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર કોયલી રંગના ધરે
(લાલનને વાઘા, ઓઢની)

નોંધ : દાન એકાદશીના દિવસે વામન દ્વાદશી હોય ત્યારે વસ્ત્ર કેસરી રંગના ધરવા.

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર મુકટ ધરવો.

સામગ્રી : મીઠુ દહીં, ખાટું દહીં, મીઠા દહીંમાં ખાંડ તથા ઈલાયચી પધરાવવી. ખાટા દહીંમાં લૂન તથા શેકેલો જીરો પધરાવવો. કેસરી બાસુંદી, કેશરી, દૂધ મેવાવાળું, બર્ફી, માખન-મિશ્રી, લીલો મેવો ધરે.

નોંધ : વામન દ્વાદશી સાથે હોય ત્યારે બુંદીની સામગ્રી ભોગ ધરવી.

ભાદરવા સુદ-૧૨ (બારસ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૨)

• વામન દ્વાદશી •

વસ્ત્ર : ધોતી-ઉપરણા, વસ્ત્ર કેશરી રંગના ધરે (લાલનને વાઘા, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે, જોડ પાંચ-ચંદ્રીકાનો ધરે
સામગ્રી : બુંદીની

ભાદરવા સુદ-૧૩ (તેરસ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૩)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર કોયલી રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે

ભાદરવા સુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૪)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : મસ્તક પર કુલ્હે, ઘેરા ધરે.

ભાદરવા સુદ-૧૫ (પૂનમ) (વ્રજ : ભાદ્રપદ શુકલ ૧૫)

વસ્ત્ર : કાછની પિતાંબર વાઘા વસ્ત્ર લહેરીયાના ધરે.
શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે.

ભાદરવા વદ-૧ (એકમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧)

વસ્ત્ર : મલ્લકાછ વસ્ત્ર હરી ચુંદડીના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટીપારો.

ભાદરવા વદ-૨ (બીજ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૨)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે, ઘેરો ધરે.

ભાદરવા વદ-૩ (ત્રીજ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૩)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લીલા રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ-ચંદ્રીકા ધરવી.

ભાદરવા વદ-૪ (ચોથ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૪)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ ચંદ્રીકા આભરણ પીરોજા (દુધીયા) ના ધરાવા.

ભાદરવા વદ-૫ (પાંચમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૫)

ચાચા ગોપેશ્વરજીનો ઉત્સવ - શ્રી હરિરાયજીનો ઉત્સવ
વસ્ત્ર : પીછોડા વસ્ત્ર કેસરી ડોરીયાના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો
સામગ્રી : ખુલ્લી બુંદી, સકકરપારા, લીલો મેવો, મુરબ્બો

ભાદરવા વદ-૬ (છઠ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૬)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર ગુલાબી રંગના ધરે (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ ચંદ્રીકા ધરે.

ભાદરવા વદ-૭ (સાતમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૭)

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર શ્યામ ચુંદડીના આવે (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.

ભાદરવા વદ-૮ (આઠમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૮)

વસ્ત્ર : કાછની વસ્ત્ર લાલ ચુંદડીના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર મુકટ ધરવો.

ભાદરવા વદ-૯ (નોમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૯)
વસ્ત્ર : મલ્લકાછ વસ્ત્ર લહેરીયાના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટીપોરો ધરે.

ભાદરવા વદ-૧૦ (દશમ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧૦)
વસ્ત્ર : પીછોડા વસ્ત્ર પીળા રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફેંટા ધરવા.

ભાદરવા વદ-૧૧ અગીયારસ (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧૧)

• મહાદાન એકાદશી •

વસ્ત્ર : કાછની પિતાંબર વાઘા વસ્ત્ર લહેરીયાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર મુકટ ધરે.
સામગ્રી : ખાટું દહીં, મીઠું દહીં, કેશરી બાસુંદી, મેવાનું કેશરી દૂધ, માખન-મીસરી, બર્ફી, પેંડા, લીલો મેવો, મુરબ્બો.

ભાદરવા વદ-૧૨ (બારસ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧૨)
વસ્ત્ર : પીછોડા વસ્ત્ર પીળી ચુંદડીના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપોરો ધરે.

ભાદરવા વદ-૧૩ (તેરસ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧૩)

શ્રી ગુંસાઈજીના તૃતીય લાલજી

શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ પ્રા.સં.૧૬૦૬

વસ્ત્ર : પીછોડા વસ્ત્ર કેશરી ડોરીયાના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કુલ્હે, ઘેરો ધરે.
સામગ્રી : મગદના લાડવા.

ભાદરવા વદ-૧૪ (ચૌદશ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૧૪)
વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર લાલ રંગના (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર મુકટ ધરે.

ભાદરવા વદ-૩૦ (અમાસ) (વ્રજ : આશ્વિન કૃષ્ણ ૩૦)
વસ્ત્ર : મલ્લકાછ વસ્ત્ર લહેરીયાના ધરે. (લાલનને ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપોરો ધરે.

આસો સુદ-૧ (એકમ) (વ્રજ : આશ્વિન શુકલ ૧)

• નવરાત્રિ પ્રારંભ •

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ છાપાના (લાલનને વાધા, ઓઢની)
શ્રૃંગાર : મસ્તક પર પાગ મોરની ચંદ્રીકા ધરે.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી શીરાનો ડબરો આરોગે.
જવારા : જવારા એક માટીના કુંડામાં ઉગાડવા. તેમાં જલ કરવાનું ધ્યાન રાખવું. દશેરા સુધી તૈયાર કરવું.

પ.ભ. પ્રકાશભાઈ લલીતભાઈ આડેસરા ના જય શ્રી કૃષ્ણ

આસો સુદ–૨ (બીજ) (વ્રજ : આશ્વિન શુકલ ૨)

વસ્ત્ર : વાઘા વસ્ત્ર ગુલાબી છાપાના ધરાવવા. ઠાળા-ઠાળા સ્વરૂપ હોય તો. તેમને સૂથન ધરી ખુલ્લે બંધનો વાઘો ધરાવવો. (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર :શ્રી મસ્તક પર ટીપોરો ધરવો.

સામગ્રી : પાટીયાની ખીર આરોગવી.

આસો સુદ–૩ (ત્રીજ) (વ્રજ : આશ્વિન શુકલ ૩)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર પીળા છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર દુમાલા ધરે, ચંદ્રીકા તથા કતરા ધરે.

સામગ્રી : સિકોરી (ઈલાયચી, લવિંગ, બુરો, દળેલી ખાંડ) ને ભેળવીને તેનું પૂર્ણ મેંદા ભરી તવાપુરી બનાવી.

આસો સુદ–૪ (ચોથ) (વ્રજ : આશ્વિન શુકલ ૪)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર સફેદ છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ ચંદ્રીકા ધરાવવી.

સામગ્રી : દૂધની કસેળી આરોગે (કેશરી દૂધમાં સુકોમેવો પધરાવવો)

આસો સુદ–૫ (પાંચમ) (વ્રજ : આશ્વિન શુકલ ૫)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો કેશરી છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર કુલ્હે જોડ (ચંદ્રીકાનો) ધરાવવો.

સામગ્રી : થુલીની ખીર આરોગે.

ગૌ.વા. લીલાવંતીબેન પ્રાણજીવન ગટેચા ના જય શ્રી કૃષ્ણ

ગૌ.વા. સવિતાબેન ગોકળદાસ ખાચરીયા ના જય શ્રી કૃષ્ણ

આસો સુદ-૬ (છઠ) (વ્રજ : આશ્વિન શુકલ ૬)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર શ્યામ છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ-ચંદ્રીકા ધરે

સામગ્રી : ઘેવરની સામગ્રી આરોગે.

આસો સુદ-૭ (સાતમ) (વ્રજ : આશ્વિન શુકલ ૭)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર આસમાની છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ-ચંદ્રીકા ધરે

સામગ્રી : મથુરા ફલ આરોગે.

આસો સુદ-૮ (આઠમ) (વ્રજ : આશ્વિન શુકલ ૮)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર લીલા છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટીપારો ધરે.

સામગ્રી : ચોખાની ખીર આરોગે.

આસો સુદ-૯ (નોમ) (વ્રજ : આશ્વિન શુકલ ૯)

વસ્ત્ર : ખુલ્લે બંધનો વાઘો વસ્ત્ર લાલ છાપાના (લાલનને વાઘા, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ-ચંદ્રીકા ધરે. આભરણ પીરોજો (દુધીયા) ના ધરે

સામગ્રી : મગની દાળનો ઉકકર

આસો સુદ-૧૦ (દશમ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૦)

• દશેરા •

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર સફેદ જરીના ધરાવવા
(લાલનને વાધો ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર સફેદ કુલ્હે, પાંચ ચંદ્રીકાનો જોડ ધરવો.
સામગ્રી : દૂધ, પૂઆની સામગ્રી આવે. ઉત્સવ ભોગ શયનભોગમાં માટ ભોગમાં ધરવા.

નોંધ : એક સમયે સેવા પહોંચતા હોઈએ ત્યારે રાજભોગ પછી ફળફૂલ ભોગ ધરવો. ભોગ સરાવી તિલક કરી જવારા ધરવા. તિલક કર્યા પછી શ્રી મસ્તક ઉપરથી ચંદ્રીકાનો જોડ વડો કરી લેવો. દસ જવારાની કલંગી બનાવી. એમાં લગાવ ચાંટાડી શ્રી મસ્તક પર ધરવા. ભેંટ કરવી. બે બીડા ધરવા. આરતી ચૂનની કરવી. ન્યોચ્છાવર રાયલોન કરવું.

આસો સુદ-૧૧ (અગિયારસ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૧)

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર કેશરી છાપાના ધરે. (લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે.

આસો સુદ-૧૨ (બારસ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૨)

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર સફેદ છાપાના ધરે. (લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે.

આસો સુદ-૧૩ (તેરસ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૩)

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર શ્યામ છાપાના ધરે. (લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે.

આસો સુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૪)

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર લાલ છાપાના ધરે. (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે. આભરણ પીરોજા (દુધીયા) ના ધરે.

શરદ પુનમ

આસો સુદ-૧૫ (પૂનમ) (વ્રજ : આશ્વિન શુકલ ૧૫)

વસ્ત્ર : કાછની પિતાંબર વસ્ત્ર સફેદ જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે. (હીરાનો મુકટ)

નોંધ : આજથી મંગલામાં જગાડયા પછી શ્રી અંગમાં દોવડ ધરાવવી.

સામગ્રી : ખીરની સામગ્રી રાજભોગમાં ધરવી. એક સમયે સેવા પહોંચતા હોઈએ ત્યારે શયનભોગ સમયે બાસુંદી, સફેદ પેંડા ભોગ ધરવા. ભોગ સરાવીને પછી શરદમાં બિરાજવાની ભાવનાથી ઠાકુરજીના આગળ સાજ માંડવો, માલાજી ધરાવવા, ઠાલા સ્વરૂપ હોય તો વેળુવેત્ર ધરાવવા. આરસી દેખાડવી. આરતી થાળીની કરવી. ન્યોચ્છાવર રાયલોન કરવું આરતી કર્યા પછી આરસી દેખાડીને વેળુવેત્ર વડા કરવા. વ્રજભકત ગોપીઓ જો હોય તો ઠાકુરજીના સન્મુખ પધરાવવા. આરતી પછી શ્રૃંગાર વડા કરીને ઠાકુરજીને પોઢાવવા. બે સમય સેવા કરતા હોઈએ ત્યારે શરદના ઉત્સવનો સેવાક્રમ શયનમાં રાખવો.

આસો વદ-૧ (એકમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧)

વસ્ત્ર : કાછની વાધા વસ્ત્ર સફેદ જરીના ધરાવવા (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર મુકટ ધરે.

આસો વદ-૨ (બીજ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૨)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર દુમલા ધરે. શ્રી મોર ચંદ્રીકા તથા કતરા ધરે.

આસો વદ-૩ (ત્રીજ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૩)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર શ્યામ જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ચીરો પાગ શ્યામ જરીના ધરે. ચંદ્રીકા ધરે.

આસો વદ-૪ (ચોથ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૪)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર કેશરી જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર દુમલા ધરે.

આસો વદ-૫ (પાંચમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૫)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર ગુલાબી જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટીપોરો ધરે.

આસો વદ-૬ (છઠ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૬)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લીલી જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ચીરો પાગ લીલી જરીના ધરે. ચંદ્રીકા ધરે.

આસો વદ-૭ (સાતમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૭)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર આસમાની જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ચીરો, પાગ આસમાની જરીનો, ચંદ્રીકા ધરે.

આસો વદ-૮ (આઠમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૮)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ટીપારો ધરે.

સામગ્રી : રાજભોગમાં સકકરપારા, છુટી બુંદી ધરાવવી.

નોંધ : શ્રી ઠાકુરજીના સન્મુખ રાજભોગ સમયે ગાયો રાખવી એ ગાયો ગોપાષ્ટમી સુધી રોજ આવે.

આસો વદ-૯ (નોમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૯)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર સુનેરી જરીના (લાલનને વાધો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર ફૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરાવવો.

આસો વદ-૧૦ (દશમ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર જરીના ધરે. (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ/ચીરા, ચંદ્રીકા ધરે.

આસો વદ-૧૧ (અગિયારસ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર શ્યામ જરીના (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ/ચીરા શ્યામ જરીના, ચંદ્રીકા, બે બાજુ તુર્રા ધરે. આભરણ હીરાના ધરાવવા.

આસો વદ-૧૨ (બારસ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર પીળી જરીના (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ/ચીરા પીળી જરીના, ચંદ્રીકા ધરે. આભરણ પન્ના (લીલા) ના ધરે.

આસો વદ-૧૩ (તેરસ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧૩)

• ધનતેરસ •

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લીલી જરીના (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ/ચીરા લીલી જરીના, ચંદ્રીકા તથા તૂરરા ધરે. ગાદીના શ્રૃંગાર કરવા, આભરણ માણેક (લાલ) ના ધરે. આજે શ્રૃંગાર થોડા ભારી કરવા.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી મોતીપાકની તથા શયનભોગમાં પપચીની આરોગે.

આસો વદ-૧૪ (ચૌદશ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ જરીના (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક પર પાગ/ચીરા લાલ જરીના, ચંદ્રીકા, તૂરરા બે ધરે. આભરણ હીરાના ધરે, ગાદીના શ્રૃંગાર કરવા.

સામગ્રી : રાજભોગમાં સામગ્રી પુઆ, પાટીયાની સેવ, શયનભોગમાં સામગ્રી કાજુની તવાપુરી આવે.

• રૂપ ચૌદશની આરતીની વિગત •

મંગલ ભોગ ધરાવ્યા બાદ ઠાકુરજીને શ્રૃંગાર ચોકી ઉપર પધરાવીને તિલક કરવું. પીળા અક્ષત લગાવવા. બે બીડા કંકુ લગાડીને ચોકી ઉપર પધરાવા. ચુનની આરતી કરવી. આજે આરતીના દીવડામાં તેલ પુરવાનું આરતી કર્યા પછી અભ્યંગ કરાવ્યા પછી સ્નાન કરાવવો.

આસો વદ-૩૦ (અમાસ) (વ્રજ : કાર્તિક કૃષ્ણ ૩૦)

• દિવાળી •

બંધનવાર બાંધવી, થાપા લગાડવા, સાજ સફેદ જરીનો અભ્યંગ થાય.

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ જરીના (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક પર કૂલ્હે સફેદ ધરાવી. ચંદ્રીકાનો મેડની ધરાવી. શ્રૃંગાર હીરા તથા પન્નાના થાય.

સામગ્રી : રાજભોગમાં સામગ્રી મીઠું શાક, બીલસારૂ, દીવડા, છાશવડા, રાયતા, તિલવડી, ઢેબરી, લીલો મેવો ઋતુ અનુસાર, મગની દાળના મંગોળા, પુઆ, ભુજેના, પાટીયા આવે શયનભોગમાં સામગ્રી મેંદાનો મેસુબ આવે. સામગ્રી અધકીમાં આપણાથી જે બને તે ભોગ કરવો.

નોંધ : શ્રી ઠાકુરજીને પોઢાડતા સમય સૈયાજી પાસે દૂધગરની સામગ્રી, સુકોમેવો ભોગમાં ધરવું. સૈયાજી પાસે મંદિરમાં ઘીનો દિપક કરવો, બાકી નિત્યક્રમ.

કારતક સુદ-૧ (એકમ) (વ્રજ : કાર્તિક શુકલ ૧)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર સફેદ જરીના. (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે સફેદ ધરાવી. ચંદ્રીકા નો-જોડની ધરાવી, ગૌ-કર્ણ ધરવા.

નોંધ : રાજભોગમાં સામગ્રી અધકીમાં ભોગ ધરવી. સખડી ભોગ ધરતા હોઈએ તેમને અન્નકુટ ઠાકુરજીને આરોગાવો. દૂધગર ભોગની સેવા હોય તો અન્નકુટના ભાવથી દૂધગરમાં સામગ્રી કરી ભોગમાં ધરવી. સખડી, અન્ન સખડી ભોગ ન ધરવો.

• અન્નકુટમાં આવતી સામગ્રીઓ •

દૂધગર તથા ખાંડઘરની સામગ્રી :

માખણ, મીસરી, બુરો, (દળેલી ખાંડ), મીઠું મુરબ્બો, પીપર, કાળીમરી, સંધાણામાં (લીંબુ, ટેટી, કેરી) નો, તીલવડી, લીંબુની ફાંક, આદાપાચરી, આંબા હળદરની પાચરી, મીઠો શાક, બિલસારૂ, બાસુંદી સફેદ તથા કેશરી, દૂધની હાંડી, કાચાસંધાણા ચાર જાતના, લીલો મેવો આઠ જાતનો, શેરડી, શીંગોડા, બોર, બરફી, કેશરી તથા સફેદ, પેંડા કેસરી તથા સફેદ, ગુલાબ કતલી, સફેદ તથા કેસરી, સઠેલી, સાબોની, તિનગીની, એલચી દાણા, ખાંડના રમકડા, પતાસા, પગેમેવા ચાર જાતના, સુકામેવા દશ જાતના.

અનસખડી :

મગધ ચાર પ્રકારનાં (બેસન, મુંગ, ઉડદ, ચોરીઠા) મોવાબાટી, બાવર, ગુંજા, પાટીચા, સકકરપારા, છુટી બુંદી, માખનવડા, દહીં ઠડા, કપુરનારી, ખરમંડા, જલેબી, ઇંદ્રસા, ગુલ્લુના ગુંજા, માલપુઆ, મોહનથાળ, શીરા, ખીર ચાર જાતની (પાટીચા, થુલી, ચોખા, મખાનની ખીર) થુલીની શીરો, દહીંવડા, દહીંના મંગોડા, કાનજીવડા, રાયતા ચાર પ્રકારના (બુંદી, આલુ, બેંગન, દ્રાક્ષ) સફેદ ફેણી, કેશરી ફેણી, શ્રીખંડ વડી, શાક સોળ જાતના તેમાં ચાર જાતના સંભારા, આખા કંદના ચાર જાતનાં, વધારેલા ચાર જાતના, ભાજીના ચાર જાતના.

અનસખડીનો ફીકો :

અડદની દાળની ચકુલી, સુહારી સફેદ તથા કેશરી, ખાજા, જીણી સેવ, ચણાદાળ, થપડી, ફડફડીયા બે જાતના (આખા ચણા અને ચણાની દાળ), મગની દાળની કચોરી, ગુંજા, અડદની દાળના વડા, મગના સુકા મંગોડા, ભુજેના ચાર જાતના, ફીકી ખુલ્લી બુંદી.

સખડી :

કોટમાં સૌથી પહેલા પાટીચાની સેવનો એક દુનો ભરીને વચ્ચે પધરાવવું. પછી ચોખા પધરાવવાના, શિખર કોટની વચ્ચે પધરાવવું. શીખરની ચારેચ બાજું ગુંજા લગાવવા. ઘી તથા જલની હાંડી પધરાવવી. ગુલાબ તથા તુલસીજીની માલાજી કોટમાં પધરાવવી. સખડીની સામગ્રી, મીર્ચફલ, લોંગફલ, ગોલા, ગોલી, સકકરપારા, થપડી, જલેબી, મેવાબાટી, ગુંજીચા, ચણાના લોટના બનાવવા,

મેવાભાત, શ્રીખંડ ભાત, દહીંભાત, પીળા ભાત, લીલા મગ, મગની દાળ, ચણાની દાળ, તુવેરની દાળ.

ચણા, વટાણા, વાલ, તુવેર, શાક આઠ પ્રકારના, વડીનું શાક, મીઠો શાક, કમરખનું શાક, કઢી ચાર પ્રકારની - પકોડની, બુંદીની, સાદા, મીઠી કઢી, પકોડીની છાશ, બુંદીની છાશ, મંગોડા, ખમણ ઢોકળા, પાતરા. ચાર જાતના - ભુજેના, મેથીની ભાજીના મુઠીયા, દુધીના મુઠીયા, બટાકાવડા, જીણી સેવ, જાડી સેવ, પપડી, સકકરપારા, ફાફડા, મેંદાની પુરી, કચોરી, ગુંજાના બટેટા તથા મગની દાળના, અડદ દાળના વડા, મંગોડા, કચરીયા (ફલી, ટેટી, સાકકરટેટી છાલના)

કારતક સુદ-૨ (બીજ) (વ્રજ : કાર્તિક શુકલ ૨)

• ભાઈબીજ •

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી જરીના. (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.
સામગ્રી : સખડી ભોગ ધરતા હોય એમને રાજભોગમાં ખીચડી ભોગ ધરવી. શીરો, ખીર ભોગમાં ધરવી. દૂધગર ભોગ ધરતા હોય ત્યારે દૂધગરની કંઈ સામગ્રી અધકીમાં ભોગ ધરવી.

નોંધ : ભોગ સાજ્યા પછી ઠાકુરજીને તિલક કરવું. અક્ષત લગાડવા બીડા બે ગાદી ઉપર પધરાવવા, ચુનની આરતી કરવી, હાથ ધોઈને ચરણારવિંદમાં તુલસીજી સમર્પવા. પછી ભોગમાં ચમચા પધરાવી કોર સાજવો.

ગૌ.વા. પુષ્પાબેન મનસુખભાઇ લોઢીયા ના જય શ્રી કૃષ્ણ



ગૌ.વા. પુરીબેન મુળજીભાઇ લાલાણી ના જય શ્રી કૃષ્ણ

કારતક સુદ-૩ (ત્રીજ) (વ્રજ : કાર્તિક શુકલ ૩)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર શ્યામ જરીના. (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક સુદ-૪ (ચોથ) (વ્રજ : કાર્તિક શુકલ ૪)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લીલી જરીના.
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક સુદ-૫ (પાંચમ) (વ્રજ : કાર્તિક શુકલ ૫)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર ગુલાબી જરીના.
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

કારતક સુદ-૬ (છઠ) (વ્રજ : કાર્તિક શુકલ ૬)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર આસમાની જરીના.
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી

કારતક સુદ-૭ (સાતમ) (વ્રજ : કાર્તિક શુકલ ૭)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર સફેદ જરીના.
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા મોરની ધરવી. ગો-કર્ણ ધેરવા.

કારતક સુદ-૮ (આઠમ) (વ્રજ : કાર્તિક શુકલ ૮)

• ગોપાષ્ટમી •

અભ્યંગ કરાવવું.

વસ્ત્ર : કાછની પિતાંબર વાધા વસ્ત્ર પીળી જરીના
(લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર મુકટ ધરાવુ. આભરણ હીરાના ધરવા.
સામગ્રી : રાજભોગમાં ખીર ભોગમાં ધરવી.
નોંધ : ઠાકુરજીના સન્મુખ ગાયો આજ સુધી ધરવી.

કારતક સુદ-૯ (નોમ) (વ્રજ : કાર્તિક શુકલ ૯)

• અક્ષયનોમી નો ઉત્સવ •

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર સફેદ જરીના. (લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે જોડ પાંચ ચંદ્રીકાનો. ગૌ-કર્ણ ધરે.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી મોનથાલની આરોગે.

કારતક સુદ-૧૦ (દશમ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૦)
વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ જરીના.
(લાલનને વાધો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.

કારતક સુદ-૧૧ (અગિયારસ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૧)

• દેવ પ્રબોધિની •

અભ્યંગ કરવું.

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે જોડ મોટો ચંદ્રીકાનો ધરાવો. ગાદીના શ્રૃંગાર કરવા. શ્રૃંગાર ભારી કરવા.

સામગ્રી : પીસ્તાની બરફી, સફેદ પેંડા, પેઠાપાક, લીલો મેવો, જપકાપુરી, બેંગનનું શાક (રીંગણ), રાજભોગમાં સામગ્રી, મનોહર, મગધ, મીઠો શાક, બીલસારૂ, છાશવડા, રાયતા, ભુજેના, મુરબ્બા. સામગ્રી અધકીમાં જે આપણાથી બને તે કરવી.

નોંધ : ઠાકુરજીને શ્રૃંગાર કરી મંડપમાં પધરાવવા, મંડપના ચારેબાજુ ચાર ડોડીયામાં દીવા કરવા અંગિઠી (સગડી) ઠાકુરજીના સન્મુખ રાખવી. આજથી મંડપમાં પધરાવી ફરગુલ વગેરે ધરાવવા. મંડપમાં ભોગ ધરવો. દૂધગરની સામગ્રીનો ધરવો. ભોગ સરાવ્યા પછી આચવન મુખવસ્ત્ર કરાવીને બીડી ધરાવવી મંડપમાં થાળીની આરતી કરવી. ન્યોચ્છાવર રાયલોન કરવું. પછી ઠાકુરજીની પરીક્રમા કરવી અને સિહાંસન ઉપર બિરાજાવી રાજભોગ ધરવો.

કારતક સુદ-૧૨ (બારસ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૨)

શ્રી ગુંસાઇજીના પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજી પ્રા.સં ૧૫૯૭
તથા પંચમ પુત્ર શ્રી રઘુનાથજીનાં ઉત્સવ પ્રા.સં.૧૬૧૧

વસ્ત્ર : દેવ પ્રબોધીની મુજબ.

શ્રૃંગાર : દેવ પ્રબોધીની મુજબ.

સામગ્રી : મગધ મનોહર આરોગે.

કારતક સુદ-૧૩ (તેરસ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી જરીના (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર સેહરો ધરવો. શ્રૃંગાર કર્યા પછી ફરગુલ ધરાવું.

કારતક સુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી પારચાના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલા ધરાવી. બાકી નિત્યક્રમ.

કારતક સુદ-૧૫ (પૂનમ) (વ્રજ : કાર્તિક શુકલ ૧૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે ધરાવી. ઘેરો ધરે.

નોંધ : આજથી ગોપમાસમાં માગશર પૂનમ સુધી માખન મીસરીની કટોરી ધરાવી.

કારતક વદ-૧ (એકમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૨ (બીજ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૩ (ત્રીજ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લીલા સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૪ (ચોથ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી પારચાના
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલા ધરે.

કારતક વદ-૫ (પાંચમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ઘેરો ધરે, કૂલ્હે ધરે.

કારતક વદ-૬ (છઠ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે કેશરી ધરે, જોડ પાંચ ચંદ્રીકા.

કારતક વદ-૭ (સાતમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૮ (આઠમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૮)

(શ્રી ગુંસાઈજીના દ્વિતિય લાલજી
શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ પ્રા.સં ૧૫૯૯)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરે.
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક કૂલ્હે કેશરી ધરાવી, જોડ પાંચ ચંદ્રીકાનો ધરાવો.
સામગ્રી : સકકરપરો, છુટી બુંદી.

કારતક વદ-૯ (નોમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૯)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૧૦ (દશમ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, ઘેરો ધરે.

કારતક વદ-૧૧ (અગિયારસ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

કારતક વદ-૧૨ (બારસ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

કારતક વદ-૧૩ (તેરસ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧૩)

શ્રી ગુંસાઈજીનાં સપ્તમ લાલજી
શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ પ્રા.સં.૧૨૫૮

વસ્ત્ર : બંધનવાર બાંધવી, થાપા લગાવવા, સાજ કેશરી, સાટનનો ધરાવો, અભ્યંગ કરાવવું. ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે કેશરી ધરે. પાંચ ચંદ્રીકાની જોડ ધરે.

સામગ્રી : રાજભોગમાં સામગ્રી જલેબીની ધરે, દૂધગર ભોગ ધરતા હોઈએ તો દૂધગરમાં જલેબી કરવી. ખુલ્લી બુંદી, સકકરપારા, બાસુંદી શ્રીખંડ વડી, છાશવડા આરોગે. રાજભોગ સરે, શ્રી ઠાકુરજીને બે બીડા ગાદી ઉપર ધરવી. ચૂનની આરતી કરવી. શ્રી ઠાકુરજીને ભેટ બે શ્રીફળ, બે રૂપિયા કરવા, ભેટ કર્યા પછી આરતી કરવી, બાકી નિત્યક્રમ.

કારતક વદ-૧૪ (ચૌદશ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.

કારતક વદ-૩૦ (અમાસ) (વ્રજ : માર્ગશીષ કૃષ્ણ ૩૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરાવી.

માગશર સુદ-૧ (એકમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરાવા (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૨ (બીજ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સુનેરી જરીના ધરે (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, ઘેરો ધરે.

માગશર સુદ-૩ (ત્રીજ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૪ (ચોથ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૫ (પાંચમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૫)

• શ્રી મદનમોહનજીનો પાટોત્સવ •

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સુનેરી જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે જોડ પાંચ ચંદ્રીકાનો ધરવો.
સામગ્રી : જલેબીની આરોગે.

નોંધ : ભોગ સરાવ્યા પછી તિલક કરવું. અક્ષત લગાડવા. બીડા બે ગાદી ઉપર પધરાવવા. ભેટમાં શ્રીફળ બે, રૂપિયા બે કરવા, આરતી ચૂનની કરવી, ન્યોચ્છાવર રાયલોન કરવું.

માગશર સુદ-૬ (છઠ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સુનેરી જરીના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.

માગશર સુદ-૭ (સાતમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૭)

શ્રી ગુંસાઈજીનાં ચતુથ લાલજી
શ્રી ગોકુલનાથજીનો ઉત્સવ પ્રા.સં.૧૬૦૮

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર કેશરી સાટનના ધરાવા
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે, ઘેરો ધરવો.

સામગ્રી : મગધ, તવાપુરી

માગશર સુદ-૮ (આઠમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૮)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ પરચાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

માગશર સુદ-૯ (નોમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૯)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે

માગશર સુદ-૧૦(દશમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર કેશરી સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૧૧ (અગિયારસ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાધા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

માગશર સુદ-૧૨ (બારસ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૨)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમલા ધરે.

માગશર સુદ-૧૩ (તેરસ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૩)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લીલી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૪)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર સુદ-૧૫ (પૂનમ) (વ્રજ : માર્ગશીષ શુકલ ૧૫)

• દાઉજીનો ઉત્સવ •

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.
સામગ્રી : રાજભોગ સામગ્રી ખીર ભોગ ધરવી. (અભ્યંગ કરાવું)

માગશર વદ-૧ (એકમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર વદ–૨ (બીજ) (વ્રજ : પોષ કૃષ્ણ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરે, સાજ કેશરી બાંધવો (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે કેશરી ધરે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.

માગશર વદ–૩ (ત્રીજ) (વ્રજ : પોષ કૃષ્ણ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર વદ–૪ (ચોથ) (વ્રજ : પોષ કૃષ્ણ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર વદ–૫ (પાંચમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમલા ધરે.

માગશર વદ–૬ (છઠ) (વ્રજ : પોષ કૃષ્ણ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે, ઘેરો ધરે.

માગશર વદ–૭ (સાતમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર વદ-૮ (આઠમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૮)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

માગશર વદ-૯ (નોમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૯)

શ્રી મત્પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુંસાઇજીનો ઉત્સવ પ્રા.સં.૧૫૭૨

બંધનવાર બાંધવી, થાપા લગાવવા, અભ્યંગ કરાવું.
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે પીળી, જોડ પાંચ ચંદ્રીકાનો, શ્રૃંગાર બે જોડીના ભારે કરવા.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી જલેબીની ભોગ ધરવી.
નોંધ : ભોગ સરાવ્યા પછી ઠાકુરજીને તિલક કરાવાનું અક્ષત લગાવવા. બે બીડી ગાદી પર ધરાવી. શ્રી ઠાકુરજીને શ્રીફળ અને બે રૂપિયા ભેટ ધરવા. આરતી ચૂનની કરવી. ન્યોચ્છાવર, રાયલોન કરવું.

માગશર વદ-૧૦ (દશમ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.
નોંધ : આજથી શીતકાલમાં સામગ્રી રાજભોગમાં અધકીમાં ભોગ ધરવી. રોજેય નવીન સામગ્રી સખડીમાં, અનસખડીમાં ફરતી કરવી. એકાદશીના દિવસે દૂધગરની સામગ્રી ભોગ ધરવી. આપણી અનુકૂળતા પ્રમાણે રોજ નવીન સામગ્રી કરવી. ફીકી સામગ્રી સખડીમાં કરવી, મીઠી સામગ્રી અનસખડીમાં કરવી. આ સામગ્રી ફરતી મહાસુદ-૪ (ચોથ) સુધી ધરવી. સખડી ભોગ ધરતા હોય તો ભોગમાં કોઈવાર ખીચડી કોઈવાર છોંકેલા ભાત, બેંગન ભાત, મટર ભાત, આલુ ભાત ફરતા ભોગમાં ધરવા. શીતકાલમાં ભોગમાં ગોળની નાની ગોળી કરીને ધરાવી.

માગશર વદ-૧૧ (અગિયારસ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ચંદ્રીકા મોરની ધરે, પાગ ધરે.

સામગ્રી : નારંગીની તવાપુરી આવે.

માગશર વદ-૧૨ (બારસ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર સેહરો ધરે.

સામગ્રી : સખડી ભોગ ધરતા હોય તેને રીંગણભાત અને કઢી ધરવી. દૂધગરની સામગ્રી તવાપુરી આવે.

માગશર વદ-૧૩ (તેરસ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પરચાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ ચંદ્રીકા ધરે.

સામગ્રી : બદામની બરફી આવે.

માગશર વદ-૧૪ (ચૌદશ) (વ્રજ : પોષ કૃષ્ણ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લીલી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)

શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમલા ધરે.

સામગ્રી : સકકરીયાના ગુંજા આવે.

માગશર વદ-૩૦ (અમાસ) (વ્રજ : પોષ કૃષ્ણ ૩૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.
સામગ્રી : સખડી ભોગમાં ખીચડી કઢી અને મગની દાળની તવાપુરી આવે.

પોષ સુદ-૧ (એકમ) (વ્રજ : પોષ શુકલ ૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : બટાકાના ગુંજા (ફરસાણમાં) આવે.

પોષ સુદ-૨(બીજ) (વ્રજ : પોષ શુકલ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે ઘેરો ધરે.
સામગ્રી : ગોળના ગુંજા આવે.

પોષ સુદ-૩ (ત્રીજ) (વ્રજ : પોષ શુકલ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : ચોળી (કઠોળની)ગુંજા આવે.

પોષ સુદ-૪ (ચોથ) (વ્રજ : પોષ શુકલ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લીલી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ધરે.
સામગ્રી : મગની દાળ (છડીયલ) ના ગુંજા આવે.

પોષ સુદ-૫ (પાંચમ) (વ્રજ : પોષ શુકલ ૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : રીંગણના ગુંજા આવે.

પોષ સુદ-૬ (છઠ) (વ્રજ : પોષ શુકલ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફેંટો ધરે.
સામગ્રી : પૂર્ણપુરીની આવે.

પોષ સુદ-૭ (સાતમ) (વ્રજ : પોષ શુકલ ૭)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : ખમણ ઢોકળા આવે.

પોષ સુદ-૮ (આઠમ) (વ્રજ : પોષ શુકલ ૮)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : ગોળની ચાસણીની મઠડી આવે.

પોષ સુદ-૯ (નોમ) (વ્રજ : પોષ શુકલ ૯)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પારચાના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફેંટો ધરે.
સામગ્રી : સૂરણના ગુંજા આવે.

પોષ સુદ-૧૦ (દશમ) (વ્રજ : પોષ શુકલ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : લીંબુની પૂરી (ઘઉંનો લોટ, ચણાના લોટમાં લીંબુ રસ) આવે.

પોષ સુદ-૧૧ (અગિયારસ) (વ્રજ : પોષ શુકલ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.
સામગ્રી : દૂધગારમાં નારંગીની બરફી આવે.

પોષ સુદ-૧૨ (બારસ) (વ્રજ : પોષ શુકલ ૧૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પરચાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર સેહરો ધરે.
સામગ્રી : દહીંથડાની સામગ્રી આવે.

પોષ સુદ-૧૩ (તેરસ) (વ્રજ : પોષ શુકલ ૧૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : આદુના ગુંજા આવે.

પોષ સુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : પોષ શુકલ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : દાળ-ચોખાના ઢોકળા આવે.

પ.ભ. કુંદનબેન મનસુખલાલ પાઉ ના જય શ્રી કૃષ્ણ



પ.ભ. ભાનુબેન ત્રિભોવનભાઇ પાઉ ના જય શ્રી કૃષ્ણ

પોષ સુદ–૧૫ (પૂનમ) (વ્રજ : પોષ શુકલ ૧૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કિરીટ મુકટ ધરે.
સામગ્રી : માખનવડા આવે.

પોષ વદ–૧ (એકમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.

પોષ વદ–૨ (બીજ) (વ્રજ : માઘ કૃષ્ણ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી ફૂલદાર સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.

પોષ વદ–૩ (ત્રીજ) (વ્રજ : માઘ કૃષ્ણ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : ખંડરા ચણાના લોટના (ચણાની ઢોકળી)

પોષ વદ–૪ (ચોથ) (વ્રજ : માઘ કૃષ્ણ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે ધરે, ઘેરો ધરે.
સામગ્રી : ગોળની થૂલી અને મેથીના ભજીયા

પોષ વદ–૫ (પાંચમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૫)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર બદામી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ધરે.
સામગ્રી : ફેના રોટી (મેંદાની ગોળ ભાતવાળી રોટી)

પોષ વદ–૬ (છઠ) (વ્રજ : માઘ કૃષ્ણ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : શ્રીખંડ ગુડકલ

પોષ વદ–૭ (સાતમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૭)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : અડદ દાળના વડા આવે.

પોષ વદ–૮ (આઠમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૮)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળા પરચના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.
સામગ્રી : ઘઉંની થુલીનો મીઠો ખીચડો સુકામેવાવાળો.

• ભોગીના ઉત્સવની વિગત •

સંક્રાંતિના એક દિવસ પહેલા ભોગીનો ઉત્સવ હોય તો તે દિવસે અભ્યંગ કરાવું.

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ સાટનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ધરે.
સામગ્રી : સખડી ભોગ ધરતા હોય ત્યારે બાજરાની ખીચડી આરોગાવી તથા સખડીમાં ચણાના પુડલા ફીકા તથા ઘઉંના લોટના મીઠા પુડલા ધરવા.

• મકરસંક્રાંતિ હોય તે દિવસની વિગત •

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર શ્યામ ફૂલ્હે ધરાવી, ઘેરો ધરાવો.
સામગ્રી : રાજભોગમાં કઢી ખીચડી ભોગ ધરવી, તીલના લાડુ ભોગ ધરવા.

પોષ વદ-૯ (નોમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૯)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : અડધની દાળ-બાટી-ચુરમા ભોગ ધરવો.

પોષ વદ-૧૦ (દશમ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧૦)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની સાટનના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : વટાણાની કચોરી

પોષ વદ-૧૧ (અગિયારસ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧૧)

• ષટ્તીલા એકાદશી •

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પરચાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે ઘેરો ધરે.
સામગ્રી : તલની કતલી ગોળની અને પિસ્તાની તવાપુરી આવે.

પોષ વદ-૧૨ (બારસ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧૨)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર સેહરો ધરે.
સામગ્રી : સખડીમાં વટાણા ભાત, અનસખડીમાં ખરબંડા આવે.

પોષ વદ-૧૩ (તેરસ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧૩)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લીલી જરીના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.
સામગ્રી : બટાકાની કચોરી ધરે.

પોષ વદ-૧૪(ચૌદશ) (વ્રજ : માઘ કૃષ્ણ ૧૪)
વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફેંટો ધરે.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી ટોપરાની તવાપુરી ધરવી.



પોષ વદ-૩૦ (અમાસ) (વ્રજ : માઘ કૃષ્ણ ૩૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પરચાના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.
સામગ્રી : બદામની તવાપુરી ધરવી.

મહા સુદ-૧ (એકમ) (વ્રજ : માઘ શુકલ ૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ધરે.
સામગ્રી : બાજરાની પુરી અને દહીં ધરે.

મહા સુદ-૨ (બીજ) (વ્રજ : માઘ શુકલ ૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.
સામગ્રી : શેરડીના રસના પુઆ, રસોઇમાં ઇડલી દહીંની ચટણી.

મહા સુદ-૩ (ત્રીજ) (વ્રજ : માઘ શુકલ ૩)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી જરીના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે ધરે, ઘેરો ધરે.
સામગ્રી : મેથીની ભાજીના મુઠીયા.

ગૌ.વા. ગંગાબેન જેઠાલાલ રાજપરા (ધોરાજી) ના જય શ્રી કૃષ્ણ

ગૌ.વા. રસીકભાઈ ગોળવાળા ના જય શ્રી કૃષ્ણ

મહા સુદ-૪ (ચોથ) (વ્રજ : માઘ શુકલ ૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પરચાના ધરે (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે ધરવી, ઘેરો ધરે.
સામગ્રી : રાજભોગમાં ખીચડી ભોગ ધરવી. બદામનો શીરો.

નોંધ : મંગલભોગમાં સુહાગ સોંઠ આજ સુધી આરોગે તથા શીતકાલની સામગ્રી આજ સુધી આરોગો. વસંત પંચમીનો ઠાકુરજી પોઢાવ્યા પછી સફેદ સાજ બાંધવો.

મહા સુદ-૫ (પાંચમ) (વ્રજ : માઘ શુકલ ૫)

• વસંત પંચમી •

બંધનવાર બાંધવી, થાપા લગાવવા - અભ્યંગ કરાવવું.

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર સફેદ સાટનના સોનેરી કિનારીના ધરવા. (લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર કૂલ્હે સફેદ ધરે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.
સામગ્રી : છુટી બુંદી, જીણી સેવ, છાશવડા, રાયતા, મીઠો શાક, તીલવડી, ઢબરી, લીલો મેવો ઋતુ અનુસાર, મુરબ્બા.

ખેલ કરાવવાની વિગત :

ભોગ સરીયા પછી વસંતનો કળશ તૈયાર કરવો. કળશમાં જલ પધરાવવું. સરસવની ડાલ કૂલની, ઘઉંની ડાલ, ખજુરની ડાલ, આમના પાંદડા મોર સહિત, ખજુરની ડાળમાં બોર લગાડવા, કળશ ઉપર લાલ રેશમી વસત્ર લગાડવું. ઠાકુરજીને સન્મુખ હલ્દીનું અષ્ટદલ કરવું. એના ઉપર એક પાટલો મુકી કળશ પધરાવવું. ખેલનો સાજ તૈયાર કરવો. ચંદન,ચોવા, અબીલ, ગુલાલ વાટકીમાં

રાખવું. ચંદન-ચોવાથી ખોલાવા માટે એક સલાકા રાખવું. રાજભોગ સરાવ્યા પછી માલાજી ધરવા. ગાદી ઉપર સફેદ મલમલનો વસ્ત્ર ઓઢાડવો. ફૂલની ગેંદ ગાદી ઉપર બે આવે. દંડવત કરીને ઠાકુરજીને ખેલાવવા. ચંદનથી પહેલા ખેલાવવા પછી ચોવાની ટપકી કરવી, અબીલથી અને પછી ગુલાલથી ખેલાવા. શ્રી ઠાકુરજીના ગાદીજીનો મોહરો ખેલાવો. ખોલાવતી વખતે ઝારી-બંટા ઉપર સફેદ વસ્ત્ર ઢાંકવું. ઠાકુરજીની બાજુમાં ફગવાની થાળી ભોગની ધરવી. વસ્ત્ર ઢાંકીને થાળીમાં બે દૂધગરનાં પેંડા, સુકામેવાની કટોરી, મિસરીની કટોરી ધરવી. સાંજ પિછવાઇ વગેરે અબીલ-ગુલાલથી ખેલાવા પછી વસંતનો કળશ ખેલાવો. ચંદન, ચોવા, અબીલ-ગુલાલ કળશ ઉપર છાંટવા ખેલાવતી વખતે ઠાકુરજીના ચરણારવિંદ વસ્ત્ર વડો કરવો. ઝારી બંટાના વસ્ત્ર વડા કરવા. ફગવાની થાળી સૈયાજી પાસે ધરાવવી. મંદિરમાં ગુલાલ ફેલાયેલો હોય તે બધો સાફ કરી દેવો. ઉત્સવ ભોગ ધરાવવા.

નોંધ : ઉત્સવ ભોગમાં દૂધગર ભોગ ધરતા હોય તેમને દૂધગર ભોગ ધરવો. અનસખડીમાં સખડી ભોગ ધરતા હોય તેને અનસખડી જેટલી સામગ્રી બને તેટલી ભોગ ધરવી. ફળ ભોગમાં ધરવા. ફીકુ ભોગ ધરવું. ભોગનો સમય થતા ભોગ સરાવી આચવન મુખવસ્ત્ર કરાવીને બીરી ધરાવી. રાજભોગનો સાજ માંડવો આરતી કરવી. ન્યોચ્છાવર, રાયલોન કરવી. પોઢાડતા સમય વસ્ત્ર વડા કરીને ઠાકુરજીના શ્રી અંગમાં ગુલાલ બરાબર પોંછીને પછી પોઢાડવા. પીંછવાઇ વગેરે ઉપર ગુલાલ ખેલાવી હોય તે બધુ પોંછવું.

આજથી સોના અથવા મીનાના શ્રૃંગાર કરવા.

મહા સુદ-૬ (છઠ) (વ્રજ : માઘ શુકલ ૬)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પોપલીનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે કેસરી ધરે.

મહા સુદ-૭ (સાતમ) (વ્રજ : માઘ શુકલ ૭)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી પોપલીનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે કેસરી ધરે. જોડ પાંચ ચંદ્રીકા ધરે.

મહા સુદ-૮ (આઠમ) (વ્રજ : માઘ શુકલ ૮)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર શ્યામ પોપલીનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

મહા સુદ-૯ (નોમ) (વ્રજ : માઘ શુકલ ૯)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર ગુલાબી પોપલીનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.

મહા સુદ-૧૦ (દશમ) (વ્રજ : માઘ શુકલ ૧૦)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી પોપલીનના ધરે
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ફૂલ્હે, જોડ પાંચ ચંદ્રીકાનો ધરે.

મહાસુદ-૧૧ (અગિયારસ) (વ્રજ : માઘ શુકલ ૧૧)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર આસમાની પોપલીનના ધરે.
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર ટીપારો ધરે.

મહાસુદ-૧૨ (બારસ) (વ્રજ : માઘ શુકલ ૧૨)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર પીળી પોપલીનના ધરે.
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર સેહરો ધરે.

મહાસુદ-૧૩ (તેરસ) (વ્રજ : માઘ શુકલ ૧૩)

(ગો.શ્રી ઘનશ્યામલાલજી નો જન્મદિવસ)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર કેશરી સાટનના ધરે.
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર દુમાલો ધરે.
સામગ્રી : રાજભોગમાં સામગ્રી બટાકાનો મનોહર ધરે.

મહાસુદ-૧૪ (ચૌદશ) (વ્રજ : માઘ શુકલ ૧૪)

વસ્ત્ર : ચાકદાર વાઘા વસ્ત્ર લાલ પોપલીનના ધરે.
(લાલનને વાઘો, ઓઢની)
શ્રૃંગાર : શ્રી મસ્તક ઉપર પાગ-ચંદ્રીકા ધરે.

મહાસુદ-૧૫ (પૂનમ) (વ્રજ : માઘ શુકલ ૧૫)

• હોળી દંડારોપણ •

અભ્યંગ કરાવવું.
